ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી, ગાંધીનગર માન્ય અને કલ્યાણ ફાઉન્ડેશન ટ્રસ્ટ, ભાવનગર સંચાલિત

KRCSC
BHAVNAGAR

# કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર

"વિજ્ઞાન ભવન" પ્લોટ નં. ૨૨૦૬/૪-એ, સંસ્કાર મંડળ પાસે,
પંજાબ નેશનલ બેંકની બાજુમાં, હિલડ્રાઈવ, ભાવનગર-૩૬૪૦૦૧ (ગુંજરાત)

GUJARAT COUNCIL ON SCIENCE AND TECHNOLOGY · GOVERNMENT OF GUJARAT

**Phone** : 0278-2570111 **WhatsApp** : 8866570111 **Email** : krcscbvn@gmail.com **Website** : www.krcscbhavnagar.org

## અખબાર યાદી આપના/ની પ્રસિદ્ધ અખબાર/ચેનલમાં પ્રકાશિત કરવા વિનંતી.

Date : 17th April, 2019

પ્રતિ,
તંત્રી શ્રી,

............................................................................, ભાવનગર.

### કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર દ્વારા વિશ્વ પૃથ્વી દિવસ અંતર્ગત 'Protect Our Species' વિષય પર ચિત્ર સ્પર્ધાનું આયોજન

ગુજરાત સરકારના વિજ્ઞાન વિભાગના પેટા વિભાગ ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ અને ટેકનોલોજી, ગાંધીનગર દ્વારા સંવર્ધિત અને કલ્યાણ ફાઉન્ડેશન ટ્રસ્ટ, ભાવનગર પ્રેરિત કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર દ્વારા વિજ્ઞાન અને ગણિત વિષયને જીલ્લાના છેવાડાના ગ્રામ્ય વિસ્તારથી લઈને શહેરના લોકોને વિજ્ઞાનાભિમુખ કરવાના ઉમદા હેતુથી ૧૭ વર્ષથી વર્ષ દરમ્યાન અનેકવિધ કાર્યક્રમો દ્વારા કાર્યરત છે.

સમય સાથે કુદરતે આપેલ દરેક વસ્તુઓનું જતન જરૂરી છેપરંતુ આજના આ યુગમાં માનવી પોતાની અનુકુળતા અને સ્વાર્થ ખાતર કેટલાક હાનિકારક અને અવિઘટનિય પદાર્થોનો ઉપયોગ કરતો થયો છે. જેના પરિણામ સ્વરૂપ પૃથ્વીનું પ્રદુષણ વધવાની સાથે કેટલાક સજીવોના અસ્તિત્વ પર ખતરો ઉભો થયો છે જે વિશેની માહિતી પ્રત્યે સમાજ જાગૃત થાય અને પર્યાવરણ અને પૃથ્વીની જાળવણી માટે લોક જાગૃતિ લાવવાના હેતુથી કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર, ગુજરાત પ્રદુષણ નિયંત્રણ કચેરી, ભાવનગર અને સ્કાઉટ એન્ડ ગાઈડ સંઘ, ભાવનગરના સયુંકત ઉપક્રમે આ વર્ષની થીમ 'Protect Our Species' "લુપ્ત થતી પ્રજાતિઓને બચાવો" વિષય પર ચિત્ર સ્પર્ધાના આયોજન દ્વારા વિશ્વ પૃથ્વી દિવસની ઉજવણી કરવામાં આવશે.

ઉપરોક્ત ચિત્ર સ્પર્ધામાં ભાગ લેવા ઈચ્છતા વ્યક્તિઓએ **તા.૨૦-૦૪-૨૦૧૯** સુધીમાં **http://krcscbhavnagar.org/programsdetail.aspx?id=76** પર અથવા કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, પ્લોટ નં. ૨૨૦૬/૪-એ, પંજાબ નેશનલ બેંકની પાછળ, સંસ્કાર મંડળ, હિલ ડ્રાઇવ, ભાવનગર ખાતે રૂબરૂ અથવા ફોન : **88 66 570 111 (WhatsApp)** અથવા **QR** કોડ પર સંપર્ક કરી પોતાના નામની નોંધણી કરવી ફરજીયાત રહેશે.

આ સ્પર્ધા વય આધારિત ત્રણ વિભાગોમાં યોજવામાં આવશે. દરેક વિભાગમાં પસંદગી પામેલ પ્રથમ ત્રણ એમ કુલ ૯ સ્પર્ધકોને પુરસ્કાર દ્વારા પ્રોત્સાહિત કરવામાં આવશે. લોક વિજ્ઞાન કેન્દ્ર દ્વારા ફક્ત ડ્રોઈંગ શીટ આપવામાં આવશે.

17-04-19
10:30 AM
(હર્ષદ જોષી)
કો-ઓર્ડીનેટર,
કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર.